<u>**મ્હે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેરાલુ.**</u>

**ફોજદારી કેસ નં.– ૬૬૦/૨૦૨૨**

**આંક :– ૭**

**શ્રી સરકાર** ..... **ફરીયાદી.**

<u>**વિરુધ્ધ**</u>

(૧). ઠાકોર દીલીપકુમાર ધુળાજી,
રહે. ખેરાલુ,તા.ખેરાલુ,જિ.મહેસાણા ...... **આરોપીઓ**.

**ગુન્હો :– <u>જુગારધારા કલમ – ૧૨(અ) મુજબ.</u>**

**–: <u>ઠ રા વ</u> :–**

**(૧)** આ કામના ઉપર લખ્યા આરોપીઓ સામે આ અદાલતની હકૂમતમાં જાહેરમાં જુગાર રમી રોકડ રકમ તથા જુગારના સાહિત્ય સાથે દરમ્યાન પકડાઈ આવતા ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસના અંતે આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરતા તે હાલના કામે ફોજદારી કેસ નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોધવામાં આવેલ છે.

**(૨)** આ કામે આરોપીઓ હાજર થતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને ગુના અંગે પુછતા આરોપીઓએ આંક– થી સુધીની પ્લી–નિવેદન નોંધતા આરોપીઓએ ગુનો કબુલ કરેલ છે અને અદાલત સમક્ષ હાજર થઈ ગુનાની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. આ સંજોગોમાં આરોપીઓ સામેનો ગુનો પૂરવાર થતો હોય, આરોપીઓને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પુરશીસમાં જણાવેલ હકિકતો ધ્યાને લેતા તે ગરીબ, અને મજુર વર્ગના કુટુંબ–કબીલાવાળા અને નાના બાલ–બચ્ચાવાળા કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર કમાનાર વ્યકિત હોય, ગુન્હા બદલ તેને પસ્તાવો થયેલ છે. તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે. મુદામાલ રોકડ રકમ અંગે કોઈ કલેઈમ કરતા ન હોવાનું આરોપીઓએ પુરશીસથી

જણાવેલ છે.

**(૩)** આ કામે હાલના આરોપીઓ સામેના કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતા આ ગુનામાં આરોપીઓને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા આરોપીઓને પુરેપુરી સજા કરવાને બદલે **નામ.ગુજરાત હાઈકોર્ટના જી. એલ.આર. ૨૦૦૫, પેજ નં.૧૦૯, ૫૨ના સ્ટેટ ઓફ ગુજરાત–વિ–નટવર હરચંદજી ઠકકર** ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ સમગ્ર હકિકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીઓને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો ખાસ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ **જુગારધારા કલમ–૧૨ (અ)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ઠાકોર દીલીપકુમાર ધુળાજી,રહે. ખેરાલુ,તા.ખેરાલુ, જિ.મહેસાણા**ઓને** કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **આરોપીઓ(દરેક)ને રૂા.૧૦૦/– અંકે રુપીયા એક સો** પુરાનો રોકડ દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિવસ–૧ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબ્જે લેવાયેલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તેમજ અન્ય મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
ખેરાલુ

(ખુશબીરસીંગ ઈશ્વરસીંગ બગ્ગા)
એડી. ચીફ જયુડી. મેજી.,
ખેરાલુ
કોડ નં.–જીજે.૦૦૯૭૦